# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-06-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ “મન કી બાત” કાર્યક્રમમાં કહ્યું, વડનગરમાં બે હજારથી વધુ લોકોએ એક સાથે ભુજંગાસન કરી ઇતિહાસ રચ્યો

2) પ્રધાનમંત્રીએ કહ્યું અમદાવાદમાં મિશન ફોર મિલિયન ટ્રીઝ અભિયાનનું ‘સિંદૂર વન’ દેશના બહાદુર જવાનોને સમર્પિત

3) કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ જણાવ્યું કે , સાયકલને આરોગ્યના રક્ષક તરીકે જોવી જોઈએ

4) પાઠ્યક્રમનાં આધારે ગુજરાતી અને ગણિત વિષયને આવરી લઈ નિપૂણ શૈક્ષણિક કેલેન્ડર બનાવનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય

5) રાજ્યના 1 60 તાલુકામાં આજે વરસાદ-આગામી 7 દિવસ ભારે વરસાદની આગાહી

---

(હવે પછી આપ 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM MANN KI BAAT

આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમની 123ની કડીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજ્યમાં થયેલી આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીની પ્રશંસા કરી. શ્રી મોદીએ કહ્યું વડનગરમાં 2 હજારથી વધુ લોકોએ સાથે મળીને ભુજંગાસન કરી ઇતિહાસ રચ્યો.

(બાઇટ: PM ON GUJARAT YOGA)

કાર્યક્રમ દરમિયાન શ્રી મોદીએ અમદાવાદ શહેરના મિશન ફોર મિલિયન ટ્રીઝ અભિયાન વિશે વાત કરી. તેમણે કહ્યું કે આ અભિયાનની એક વિશેષતા સિંદૂર વન છે. આ જંગલ ઓપરેશન સિંદૂરના નાયકોને સમર્પિત છે.

(બાઇટ: PM ON SINDOOR VAN)

શ્રી મોદીએ જણાવ્યું કે , આરોગ્યથી લઇને સામાજિક સુરક્ષા સુધી દેશ તમામ ક્ષેત્રોમાં ઝડપથી આગળ વધી રહ્યો છે. આજે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં રાષ્ટ્રને સંબોધન કરતા શ્રી મોદીએ આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનનાં એ અહેવાલનો ઉલ્લેખ કર્યો જેમાં જણાવવામાં આવ્યું છે કે, દેશની 64 ટકાથી વધુ વસ્તી અને 95 કરોડ લોકોને કોઇને કોઇ સામાજિક સુરક્ષાનો લાભ મળી રહ્યો છે.

. . . . . . . . .

# MAN KI BAAT - BANASHKHATA

બનાસકાંઠા જીલ્લાના તમામ તાલુકાઓમાં આજે મન કી બાત કાર્યક્રમ નિહાળ્યો હતો , ગ્રામજનોએ સાથે મળીને મોબાઈલ અને ટીવી પર આકાશવાણી અને દુરદર્શન માધ્યમ થકી આ કાર્યક્રમને નિહાળ્યો હતો , જીલ્લાના દિયોદર, ભાભર, સુઈગામ, અંબાજી સહિતના ગામડાઓમાં આ કાર્યક્રમને નિહાળ્યો હતો

. . . . . . . . . . . . .

# SUNDAY ON CYCLE

કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ સાયકલએ કહ્યું , નાના માણસનું વાહન ન રહેતા તેને સ્વાસ્થ્યના રક્ષક તરીકે જોવી જોઈએ. ભાવનગર જિલ્લાના પાલિતાણામાં 'સંડે ઓન સાયકલ' કાર્યક્રમમાં તેમણે આ મુજબ જણાવ્યું હતું.

(બાઇટ: મનસુખ માંડવિયા કેન્દ્રીય મંત્રી)

આ સાયકલ યાત્રા પાલિતાણા શહેરમાં બજરંગદાસ બાપા ચોકથી શરૂ થઈને સરવૈયા ફાર્મ ખાતે પૂર્ણ થઈ હતી. જેમાં મોટી સંખ્યામાં સ્વચ્છતા કર્મચારીઓ , NSS અને માય ભારતનાં સ્વયંસેવકોએ ભાગ લીધો હતો. શ્રી માંડવિયાએ નેસડી , હણોલ, આંકોલાળી, લોઈંચડા અને સેંજળીયા ગામોમાં વૃક્ષારોપણ કર્યું હતું.

દરમિયાન અરવલ્લી જિલ્લામાં સહયોગ બાયપાસથી મેઘરજ સુધી સંડે ઑન સાયકલિંગ અંતર્ગત 44 કિલોમીટરની સાયકલ યાત્રા યોજાઇ.

. . . . . . . . . . . . .

# BHARUCH MGNREGA

ભરૂચમાં મનરેગા યોજના ગેરરીતિના ચાર આરોપીઓના છ દિવસના રિમાન્ડ મંજૂર કરાયા છે. પોલીસ આરોપીઓને અદાલતમાં રજૂ કરી 14 દિવસના રિમાન્ડની માગણી કરી હતો જોકે અદાલતે આરોપીઓના છ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. આ અંગે નાયબ પોલીસ અધિક્ષક સી.કે.પટેલે વધુ માહિતી આપી.

(બાઇટ: સી.કે.પટેલ, Dy.SP)

ઉલ્લેખનીય છે આ કેસમાં અત્યાર સુધી છ આરોપીઓની ધરપકડ થઈ ચૂકી છે.

. . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# NIPUN CALENDER

પાઠ્યક્રમ આધારે ગુજરાતી અને ગણિત વિષયને આવરી લઈ નિપૂણ શૈક્ષણિક કેલેન્ડર બનાવનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલે મહેસાણા જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ દરમિયાન આ કેલેન્ડર નિહાળ્યું હતું. આ અંગે શ્રી પટેલે વધુ માહિતી આપતા આ મુજબ જણાવ્યું.

(બાઇટ: ઋષિકેશ પટેલ, કેબિનેટ મંત્રી)

નિપૂણ ભારત અંતર્ગત આ શૈક્ષણિક કેલેન્ડર બનાવવામાં આવ્યું છે વર્ષ દરમિયાન બાળક વર્ષ દરમ્યાન જે જે પ્રવૃતિ કરી રહ્યું છે એ વાલીઓને પણ મેસેજ જાય બાળક ને જીવનઘડતરની કેળવણી ઘર અને શાળા દ્વારા બાળકનો સર્વાંગી વિકાસ થાય એક સારો નાગરિક તૈયાર થાય એ બાબતો ને ધ્યાનમાં લઈ સમગ્ર શિક્ષા અભિયાન, શિક્ષણ વિભાગ, સ્ટેટ રિસર્ચ ગ્રુપના સભ્યોના સંયુક્ત પ્રયાસથી આ કેલેન્ડર બનાવવામાં આવ્યું.

આ કેલેન્ડરમાં બાળક ક્રમિક દર માસે જે જે પ્રવૃતિ કરી રહ્યું છે એ ચિત્રાંકન સ્વરૂપે એને રજૂ કરાયું છે અને સાથે પ્રશ્નો પણ મૂકવામાં આવ્યા છે જેથી દરેક બાળક સાથે પરિવારના સભ્યો પ્રશ્નોત્તરી કરી શકે.

. . . . . .

# GUJARAT RAIN

રાજ્યના 1 60 તાલુકામાં આજે વરસાદ નોંધાયો છે. મહેસાણા જિલ્લાના કડીમાં સૌથી વધુ સાડા ત્રણ ઇંચ વરસાદ વરસ્યો છે. જ્યારે અમદાવાદ જિલ્લાના વિરમગામમાં ત્રણ ઇંચથી વધુ વરસાદ પડ્યો છે. ગાંધીનગરના કલોલમાં બે ઇંચ વરસાદ પડ્યો છે. અત્યાર સુધી રાજ્યમાં સિઝનનો સરેરાશ 31 ટકાથી વધુ વરસાદ નોંધાયો છે.

ભારે વરસાદને પગલે રાજ્યના 19 જળાશય હાઇએલર્ટ પર છે જ્યારે 13 જળાશય એલર્ટ પર છે. રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમમાં 54 હજાર 32 ક્યુસેક પાણીની આવક થઈ છે. ત્યારે નર્મદાની મુખ્ય નહેરમાં 12 હજાર 200 ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. રાજ્યમાં અત્યાર સુધી 676 લોકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે , ભારે વરસાદને પગલે રાજ્યમાં 90 જેટલા માર્ગ બંધ કરાયા છે.

. . . . . . . . . . . .

# WEATHER FORECAST

આગામી 7 દિવસ રાજ્યમાં ભારે વરસાદની આગાહી છે. આવતીકાલે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર, સાબરકાંઠા, અરવલ્લી, અમદાવાદ , દાહોદ, મહીસાગર, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ તેમજ સૌરાષ્ટ્રના જુનાગઢ , અમરેલી, સુરેન્દ્રનગર , ભાવનગર, મોરબી, ગીર સોમનાથ , બોટાદમાં ભારે વરસાદની શક્યતા હોવાનું હવામાન વિભાગનાં વૈજ્ઞાનિક પ્રદિપ શર્માએ જણાવ્યું..

(બાઈટ – પ્રદિપ શર્મા, વૈજ્ઞાનિક)

દરમિયાન 30થી 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે તેવી પણ શક્યતા વ્યકત કરવામાં આવી છે.

. . . . . . . . . . . .

# SURAT EPFO

સુરત કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન દ્વારા પેન્શન ધારકો માટે પહેલ શરૂ કરવામાં આવી છે. સુરત PF કાર્યાલય દ્વારા નિધિ આપકે નિકટ અંતર્ગત સુરત , તાપી, નવસારી જિલ્લામાં આવતીકાલે એક ખાસ કાર્યક્રમ યોજાશે , જેમાં પેન્શન સંબંધિત પ્રશ્નોનું એક જ જગ્યાએ સમાધાન લાવવામાં આવશે.

. . . . . . . . . . . . .